# વિશ્વની વર્તમાન પરિસ્થિતીના સંદર્ભમાં રામનવમી કેવી રીતે મનાવીશું?

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ ; (M) 9825892710

ચૈત્ર માસના શુક્લ પક્ષની નવરાત્રિના છેલ્લા દિવસને સમગ્ર ભારત વર્ષમાં રામનવમીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. રામાયણની કથા અનુસાર આ દિવસે શ્રી રામનો જન્મ રાજા દશરથ તેમજ રાણી કૌશલ્યાના પુત્ર રૂપે અયોધ્યામાં થયો હતો. સમાન્ય રીતે શ્રી રામના જન્મ દિવસના આ તહેવારની ઉજવણી આપણે પુજા-પાઠ કરીને, રામ મંદિરમાં દર્શન કરીને, વ્રત રાખીને, રામ કથાનું શ્રવણ કે પઠન કરીને, રામ મહિમાનું ગાયન કરીને કે દાન પુણ્ય કરીને ઉજવીએ છીએ. આ પ્રકારની ઉજવણી આપણે સદીઓથી કરતાં આવ્યા છીએ. આ બધુ કરવું સારી વાત છે, તેમાં કશું ખોટું નથી. પરંતુ વિશ્વની આજે આપણે જે પરિસ્થિતી જોઈ રહ્યા છીએ તેમજ અનુભવી રહ્યા છીએ તે સંદર્ભમાં જો આપણે વિચારીએ તો આપણી આ પ્રકારની ઉજવણીમાં જરૂર કોઈ ખૂટતી કડીઓ છે. તહેવારની ઉજવણીના ભાગ રૂપે આપણે જે જે કરતાં આવ્યા છીએ તે જો પર્યાપ્ત હોત તો આજે વિશ્વની પરિસ્થિતી આવી ન હોત. એટલે આ કડીઓ કે કમીઓ કઈ છે તે પર આજના સમયે વિચાર કરવો અત્યંત જરૂરી બની જાય છે.




વર્ષ દરમ્યાનના આપણા દેશના મોટા ભાગના તહેવારો ધાર્મિક છે. આ દરેક તહેવારોની ઉજવણી પાછળ કાંઇક આધ્યત્મિક રહસ્ય છુપાએલું છે. આપણા મોટા ભાગના તહેવારોની ઉજવણી પાછળનું મુખ્ય લક્ષ આપણી સતત આત્મોન્નતિ થતી રહે, આપણે ઈશ્વરાભીમુખ બની રહીએ, આપણું જીવન સતોગુણ તેમજ દિવ્યતા સંપન્ન બની રહે, આપણા જીવનના મૂલ્યોનું જતન થાય તેમજ જીવનમાં આપણે સાચા અર્થમાં સુખ-શાંતિ નો અનુભવ કરીએ તે છે. પરંતુ સમયાંતરે અને જન્માંતરે આ લક્ષને આપણે વિસરતા ગયા અને ઉજવણીનું સ્વરૂપ આત્મ દર્શન, પરમાત્મા ચિંતન, જીવન મૂલ્યોના જતનને બદલે કર્મકાંડ, પૂજાપાઠ, દેવદર્શનમાં બદલાઈ ગયું. અને આજના જમાનાના લોકો તો આ પણ નથી કરતાં. સરકાર આ દિવસે રજા પણ જાહેર કરે છે અને આપણે તેનો ઉપયોગ મોજ મઝા માણવામાં કરીએ છીએ. જો આપણે આ તહેવારની ઉજવણીની ખૂટતી કડીઓ વિષે વિચાર કરી તેની યથાર્થ ઉજવણી કરીશું તો, વિશ્વની બધી સમસ્યાઓનું સમાધાન થશે અને જે રામરાજ્યની પરિકલ્પના આપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કરી હતી તેને આપણે સાકાર કરી શકીશું.

રામાયણમાં શ્રી રામના ચરિત્રની મહિમા તો છે જ પરંતુ તેથી વિશેષ મહિમા રામરાજ્યની છે .એક એવું આદર્શ રાજ્ય કે જે દુ:ખ, અશાંતિ, રોગ, શોક, દુરાચાર, ભ્રષ્ટાચાર, પાપાચારથી તેમજ અનેક પ્રકારના બંધનોથી મુક્ત હોય. જ્યાં એક એક વ્યક્તિ ચારિત્રવાન, મૂલ્યનિષ્ઠ, દિવ્યતા સંપન્ન, સુખ-સમૃધ્ધિથી ભરપૂર હોય. દરેક પુરુષ રામ સમાન હોય અને દરેક મહિલા સીતા સમાન હોય. પરંતુ આપણે વિશ્વની વર્તમાન પરિસ્થિતીને જોઈએ તો લાગ્યા વિના નહીં રહે કે આપણે રામ રાજ્યની પરિકલ્પનાથી સાવજ વિપરિત જીવન જીવી રહ્યા છીએ. ભારત સહિત ભલે વિશ્વના મોટાભાગના દેશોમાં લોકશાહી છે, તેઓ પોતાને સ્વતંત્ર માને છે પરંતુ સાચા અર્થમાં શું આપણે સ્વતંત્ર છીએ? આજની વૈશ્વિક સમસ્યાઓનું જો લિસ્ટ તૈયાર કરવામાં આવે તો ઘણું લાંબુ લિસ્ટ તૈયાર થઈ જાય. આપણે સૌ તેનાથી જ્ઞાત છીએ. એટલે આના વિસ્તારમાં ન જતાં આપણે તેના સમાધાન વિષે વિચારવું પડશે.

આપણે જો શ્રી રામ સમાન શ્રેષ્ઠ જીવન કે રામરાજ્ય સમાન શ્રેષ્ઠ રાજ્ય ઇચ્છતા હોઈએ તો આપણે રામનામના સ્મરણથી વિશેષ રામના ચરિત્રનું ચિંતન કરી તેનો આત્મસાત આપણા જીવનમાં કરવો પડશે. શ્રી રામને આપણે મર્યાદા પુરુષોત્તમ રૂપે યાદ કરીએ છીએ. અર્થાત તેઓ સર્વ મર્યાદાઓ તેમજ સંયમોથી સંપન્ન, પુરુષોમાં ઉત્તમ હતા. તેઓ સત્યતા, પ્રામાણિક્તા, નમ્રતા, ન્યાયીપણાના મૂર્ત સ્વરૂપ હતા. રામનું હૃદય દિવ્યતા, પ્રેમ, કરુણા, દયા, સર્વ પ્રત્યે સમભાવથી સંપન્ન હતું. શ્રી રામે પોતાના જીવન પર્યંત પોતાના બધાજ સંબંધો, જેમકે એક પુત્ર તરીકે, એક ભાઈ તરીકે, એક પતિ તરીકે, એક રાજા તરીકે ખુબજ આદર્શ પૂર્વક નિભાવી વિશ્વને શ્રેષ્ઠ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. સાચા અર્થમાં રામનવમીની યથાર્થ ઉજવણી ત્યારે કરી ગણાય જ્યારે આપણે શ્રી રામના આવા શ્રેષ્ઠ ચરિત્રની કેટલિક વિશેષતાઓને આપણા જીવનમાં ધારણ કરીએ.

શ્રી રામ આટલું શ્રેષ્ઠ તેમજ આદર્શ જીવન કેમ જીવી શક્યાં? કારણકે શ્રી રામે પોતાના શ્રેષ્ઠ ચરિત્રના નિર્માણ અર્થે તેમજ તેના જતન માટે તેમના આરાધ્ય પરમાત્મા શિવનું હમેંશા પ્રેમ પૂર્વક મનન-ચિંતન કર્યું છે.. સીતા સ્વયંવર વખતે પણ શિવ ધનુષ ઉપાડવાની તેમજ તેને તોડવાની ક્ષમતા તેમણે પરમાત્મા શિવની કૃપાથી જ પ્રાપ્ત કરેલી. લંકા વિજયમાં પડેલી મુશ્કેલીના સમયે પણ શ્રી રામે સમુદ્રતટ પર શિવલીંગની સ્થાપના કરી જ્યોતિસ્વરૂપ શિવ પરમાત્માની આરાધના કરી હતી અને પરમાત્મા શિવે તેમના કાર્યને સહજ બનાવ્યું હતું. જે આજે પણ રામેશ્વરમમાં રામેશ્વર જ્યોતિર્લીંગ સ્વરૂપે પૂજાય છે.

વર્તમાન સમયે આનું મહત્વ એટલે વધી જાય છે કે સૃષ્ટિચક્રનો વર્તમાન સમય એ હળાહળ કળિયુગનો અંતિમ સમય છે. દુનિયા વિનાશને આરે આવીને ઊભી છે. આનો અસ્વીકાર કોઈ કરી શકે તેમ નથી. અને આવા સમયે સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા પરમાત્મા રામેશ્વર શિવ, પોતે જ આપેલા વચન અનુસાર, વિશ્વના પરીવર્તન અર્થે તેમજ એક શ્રેષ્ઠ સતયુગી રામરાજયની સ્થાપના અર્થે અવતરણ કરી ચૂક્યા છે. વર્તમાન સમયે નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ બ્રહ્માના તન દ્વારા જે જ્ઞાન તેમજ સહજ રાજયોગની શિક્ષા આપી રહ્યા છે તેનું અધ્યયન કરી, મનન ચિંતન કરી તેમજ તેણે આપેલી શ્રીમત પર આપણે ચાલીશું તો રામરાજ્યની સ્થાપના દૂર નથી. તો આવો આપણે સૌ ચૈત્રી નવરાત્રિ દરમ્યાન તેમજ રામનવમીના દિવસે અંતરમુખી બની પરમાત્મા શિવ જે રાજયોગ આપણને શીખવી રહ્યા છે તેનો અભ્યાસ કરીએ.

આ રાજયોગનું પહેલું પગથીયુ છે પરમાત્માએ આપેલા આત્મજ્ઞાન મુજબ આત્મ ચિંતન-આત્મ દર્શન કરી આત્માનુભૂતિ કરવી. આત્મિક સ્મૃતિમાં સ્થિત થયા બાદ યોગાભ્યાસ દ્વારા આપણે જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્મા સાથે અનુસંધાન પ્રસ્થાપિત કરવાથી આપણે તે ની પાસેથી દિવ્ય શક્તિઓ પ્રાપ્ત કરી શકીએ છીએ, આપણું જીવન દિવ્ય ગુણોથી સંપન્ન બને છે, જાણે અજાણે આપણે કરેલા વિકર્મોનો વિનાશ થાય છે તેમજ આપણે અનેક પ્રકારના કર્મબંધનોથી મુક્ત બનીએ છીએ. તો આપણે સૌ આપણી આત્મિક સ્મૃતિમાં સ્થિત થઈ સર્વ ધર્મની આત્માઓના પરમપિતા શિવને યાદ કરીશું તો શ્રી રામના ચરિત્રને આપણા જીવનમાં સાકર કરી શકીશું. તેમજ એક શ્રેષ્ઠ રામ રાજ્યની સ્થાપના કરી શકીશું. તો આવો આપણે સૌ આ ચૈત્રી નવરાત્રિ દરમ્યાન તેમજ રામનવમીના દિવસે અંતરમુખી બની શ્રી રામના શ્રેષ્ઠ ચરિત્રના ચિંતનની સાથે સાથે પરમાત્મા શિવે શીખવેલ રાજયોગનો અભ્યાસ કરીએ. આજ સાચા અર્થમાં રામનવમી મનાવી ગણાશે.

----- 000 -----